GJPM130007622018

Presented on : 06-12-2018
Registered on : 06-12-2018
Decided on : 30-12-2024
Duration : 6 years, 0 months, 24 days

**<u>મે.ગોધરા ખાતેની મજુર અદાલત નં.ર નાં જજ અને એકસ–ઓફિસીયો કમિશ્નર ફોર વર્કમેન્સ કોમ્પેન્શેસન એકટ,મુ.ગોધરા</u>**

**કામદાર વળતર પરચુરણ અ. નં.૩૦/૨૦૧૮**
**આંક : ૧૧**

**અરજદાર :–**(૧) ચંપકકુમાર ભારતભાઈ બારીયા
હોળી ફળીયુ, બખ્ખર, તા.ગોધરા,
જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**સામાવાળા :–** (૧) વેસ્ર્ટન એન્જી કું.
પંચાયત ઓફિસ સામે
છાણી, મુ.પો.તા.વડોદરા
જી.વડોદરા.

(ર) ગુજરાત વિધ્યુત બોર્ડ
ર૦૦ કે.વી.વાવ સબસ્ટેશન
તા. કામરેજ, સુરત, જી.સુરત.

**પ્રતિનિધિત્વ :–**
અરજદાર તરફે :– વિ.વ.શ્રી પી.ડી.પાઠક
સામાવાળા નં.૧ તરફે :– ગેરહાજર
સામાવાળા નં.ર તરફે :– વિ.વ.શ્રી એસ.પી.મહેતા

**<u>વિષય :– કામદાર વળતર ધારાની–૧૯ર૩ હેઠળ વળતર મેળવવા બાબત ...</u>**

**–:: હુ ક મ ::–**

આજ રોજ આ કામના અરજદાર તથા તેમના વિધ્વાન વકીલશ્રી હાજર છે. તેમજ સામવાાળા નં.ર તરફે જાતે હાજર છે, આ કામના અરજદાર તરફે હાલની અરજીના કામે માંગવામાં આવેલ વળતરની રકમ નામદાર

કોર્ટમાં જમા કરાવેલ હોઈ, અરજદાર ધ્વારા સદરહુ કામ આગળ ચલાવવા માંગતા નથી તેવી રજુઆત કરેલ છે અને સદરહુ કામ પરત ખેંચવા માંગતા હોઈ, **આંક–૧૦** થી વિડ્રો પુરસીસ અરજદાર  તરફે રજુ કરેલ છે જે પુરસીસ લગત તેઓને પુછતા તેઓએ સામાવાળાએ રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ હોય,  હાલની પુરસીસ સ્વૈચ્છીક રીતે આપેલ હોવાનુ જણાવેલ છે જે ધ્યાને લેતા અરજદારને અરજીમાં જણાવ્યા મુજબની વળતરની રકમ કોર્ટમાં જમા કરાવેલ હોઈ હાલની અરજી આગળ ચલાવવાની રહેતી ન હોઈ સદર વિડ્રો પુરસીસના આધારે હાલનો ન્યાયના હિતમાં કેસ  વિડ્રો થી  ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: ગોધરા.**
**તા: ૩૦/૧૨/૨૦૨૪**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**કમીશ્નર ફોર**
**વર્કમેન કોમ્પેન્શેશન એકટ**
**એન્ડ જજ, લેબર કોર્ટ નં.૨ ગોધરા.**